# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1) વિદેશમંત્રી ડૉ. જયશંકરે સરહદ પારના આતંકવાદ અંગે પાકિસ્તાનને ચેતવણી આપી.
2) કોંગ્રેસ સાંસદ શશિ થરુરના નેતૃત્વમાં છેલ્લું સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ આજે ભારત પરત આવ્યું.
3) કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ વૈજ્ઞાનિકોને વિકસિત ભારત અને માનવ કેન્દ્રીત વિકાસની દ્રષ્ટિ સાથે કામ કરવા આહ્વાન કર્યું.
4) રશિયાએ યુક્રેનના કિવ અને ઑડેસામાં 300થી વધુ ડ્રોન અને મિસાઈલથી હુમલો કર્યો.
5) હૉન્ગકૉન્ગમાં આજે A.F.C. એશિયન કપ ક્વાલિફાયરની ગૃપ સી-ની મૅચમાં ભારત અને હૉન્ગકૉન્ગ વચ્ચે મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV EVE JAISHANKAR INTERVIEW

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે સરહદ પારના આતંકવાદ અંગે પાકિસ્તાનને ચેતવણી આપી. તેમણે કહ્યું, જો આતંકી હુમલાથી ઉશ્કેરવામાં આવશે તો ભારત પાકિસ્તાનમાં ઘૂસીને તેનો જવાબ આપશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું, તાજેતરના પહલગામ જેવા આતંકી હુમલા મામલે આતંકી સંગઠનો અને તેમના નેતૃત્વ સામે બદલો લેવાશે. શ્રી જયશંકરે એક અમેરિકન રાજકીય ડિજિટલ અખબાર સાથેની મુલાકાતમાં આ વાત કહી. યુરોપના પ્રવાસે રહેલા ડૉક્ટર જયશંકરે કહ્યું, પાકિસ્તાન આતંકવાદીઓને ખૂલ્લેઆમ તાલીમ આપી રહ્યું છે.

અન્ય એક સમાચાર-પત્ર સાથેની મુલાકાતમાં ડૉક્ટર જયશંકરે ભારપૂર્વક જણાવ્યું, આતંકવાદ જેવી સમસ્યાથી બધા ચિંતામાં છે. તેમણે વધુમાં કહ્યું, ભારત અને ચીન તેમના સંબંધોને તબક્કાવાર સુધારી શકે છે અને કોવિડ-19 રોગચાળા પછી સ્થગિત સીધી ફ્લાઇટ્સ ફરી શરૂ કરવા અંગે ચર્ચા થઈ છે.

# ARUNACHAL BJP 11 YEAR

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું, ગત એક દાયકામાં ભારતે નોંધપાત્ર વિકાસ કર્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગત 11 વર્ષના પરિવર્તનશીલ શાસન અંગે આજે ઈટાનગરમાં પત્રકારોને સંબોધતા શ્રી રિજિજૂએ આ મુજબ જણાવ્યું. તેમણે ભારતના વ્યૂહાત્મક અને વિકાસલક્ષી દ્રષ્ટિમાં અરુણાચલ પ્રદેશના મહત્વ પર ભાર મૂક્યો. શ્રી રિજિજૂએ કહ્યું, કેન્દ્ર સરકારનું ધ્યાન સરહદી માળખાગત સુવિધાઓ વિકસાવવા, જોડાણો સુધારવા અને સમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવા પર રહ્યું છે. આનાથી ઉત્તર-પૂર્વ માટે તકના નવા દ્વાર ખૂલ્યા છે.

(BYTE- KIREN RIJIJU, UNION MINISTER)

આ પ્રસંગે અરુણાચલ પ્રદેશના નાયબ મુખ્યમંત્રી ચૌના મેં-એ કહ્યું, ગત 11 વર્ષમાં ઉત્તર-પૂર્વમાં હિંસામાં 71 ટકાનો ઘટાડો નોંધાયો છે. જ્યારે 10 હજાર 500 જેટલા ઉગ્રવાદીઓએ આત્મ-સમર્પણ કર્યું છે.

# SHAH FLOOD REVIEW

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરની બેઠકમાં દેશમાં પૂર વ્યવસ્થાપન માટેની તૈયારીઓની સમીક્ષા કરી. દરમિયાન શ્રી શાહે દેશભરમાં પૂરનું જોખખ ઘટાડવા માટે લેવાઈ રહેલા લાંબાગાળાના પગલાની પણ સમીક્ષા કરી.

# ALL PARTY DELEGATION

કોંગ્રેસ સાંસદ શશિ થરુરના નેતૃત્વમાં છેલ્લું સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ પાંચ દેશનો પ્રવાસ પૂર્ણ કરી આજે ભારત પરત આવ્યું. પ્રતિનિધિમંડળે આતંકવાદનો સામનો કરવામાં ભારતની રાષ્ટ્રીય સંમતિ અને દ્રઢ દ્રષ્ટિકોણને રજૂ કરવા અમેરિકા, પનામા, ગુયાના, બ્રાઝિલ અને કોલમ્બિયાનો પ્રવાસ કર્યો. શ્રી થરુરે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, પ્રતિનિધિમંડળને પ્રવાસ દરમિયાન યોજેલી ઘણી બેઠકમાં ચિંતાઓ સંબંધિત હકારાત્મક પ્રતિક્રિયા મળી.

શ્રી થરુરે ઑપરેશન સિંદૂર મામલે કોલમ્બિયાના પહેલા નિવેદનનો ઉલ્લેખ કરતા કહ્યું, પ્રતિનિધિમંડળે ખરેખર કોલમ્બિયાને પોતાનું વલણ બદલવા મજબૂર કર્યું.

સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની બીજા સમૂહનું નેતૃત્વ કરનારા ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદે કહ્યું, પ્રતિનિધિમંડળે પ્રવાસ દરમિયાન અનેક બેઠકમાં આતંકવાદ સામે ભારતનું વલણ રજૂ કર્યું. તેમના નેતૃત્વના પ્રતિનિધિમંડળે બ્રિટેન, ફ્રાન્સ, જર્મની, યુરોપીયન સંઘ, ઈટાલી અને ડૅનમાર્કનો પ્રવાસ ખેડ્યો.

# SPECIAL FEATURE 11 YEARS OF GOVT

દેશમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના સિદ્ધાંતથી પ્રેરિત થઈ એક દાયકામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આકાશવાણી સમાચાર ગત 11 વર્ષમાં મુખ્ય ક્ષેત્રમાં સરકારના પ્રયાસ પર એક વિશેષ શ્રેણી લઈને આવ્યું છે. આજે આપણે સંરક્ષણમાં આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રીત કરીએ છીએ.

(V/C- SAMEER ANSARI)

*( ભારતે ગત એક દાયકામાં પોતાની સુરક્ષા નીતિઓને સ્પષ્ટતા, દ્રઢ નિશ્ચય અને આત્મવિશ્વાસ સાથે વ્યાખ્યાયિત કરી છે. વર્ષ 2016ની સર્જિકલ સ્ટ્રાઈકથી લઈ 2025માં ઑપરેશન સિંદૂર સુધી સંદેશ સ્પષ્ટ છે કે, ભારત પોતાની રાષ્ટ્રીય સલામતી માટે જોખમોને સહન નહીં કરે. ઑપરેશન સિંદૂર હેઠળ ભારતીય સેનાએ સરહદ પાર નવ આતંકી ઠેકાણાને નેસ્તનાબૂદ કરી પહલગામ આતંકી હુમલાનો જવાબ આપ્યો. સ્વદેશી ઉત્પાદનોએ આ ઑપરેશનની સફળતામાં મહત્વનો ભાગ ભજવ્યો. INS વિક્રાન્તથી લઈ લાંબી ઊંચાઈ ધરાવતા લાઈટ કૉમ્બેટ હેલિકૉપ્ટર L.C.H. પ્રચંડ સુધી ભારત આત્મવિશ્વાસ સાથે ડિઝાઈન અને તહેનાતી કરી રહ્યું છે.*

*વિષ્ણુકુમારના અહેવાલ સાથે સમીર અન્સારી, આકાશવાણી, અમદાવાદ )*

# JAN MAN SURVEY

મોદી સરકારના 11 વર્ષ પૂર્ણ થવા બદલ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા નમો ઍપ પર જનમન સરવે શરૂ કરાયો છે. પહેલા જ દિવસે આ સરવે માટે દેશભરમાંથી પાંચ લાખથી વધુ લોકોની પ્રતિક્રિયા મળી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે દેશવાસીઓને ગત 11 વર્ષમાં ભારતની વિકાસયાત્રાના સરવેમાં જોડાવવા આગ્રહ કર્યો હતો. સરવે લોકોને સરકાર સાથે પોતાની પ્રતિક્રિયા અને મંતવ્ય સીધા જ રજૂ કરવાનું મંચ પૂરું પાડે છે. આ સરવે એ સુનિશ્ચિત કરે છે કે, ભવિષ્યની નીતિઓ બનાવતા વખતે લોકોનો અવાજ સાંભળવો જોઈએ..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JK TERRORIST

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ આજે રાજૌરી જિલ્લાના દૂરના વિસ્તારમાં એક આતંકવાદી ઠેકાણાને શોધી કાઢ્યું. પોલીસ અને સેનાના સંયુક્ત તપાસ અભિયાન હેઠળ મોટી સંખ્યામાં દારૂગોળો કબજે કરાયો. જોકે, આ મામલે હજી સુધી કોઈની ધરપકડ કરવામાં નથી આવી.

# EDUCATION MINISTER HYDERABAD

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, વૈજ્ઞાનિકો, સંશોધનકર્તાઓ અને નીતિ નિર્માતાઓ માટે આ સૌથી મહત્વનો સમય છે. તે અંતર્ગત સમાવેશક ઇકોસિસ્ટમ અને ઉકેલોનું નિર્માણ કરવા લોકોને સશક્ત બનાવવામાં આવી રહ્યા છે. હૈદરાબાદમાં આજે યુવા વૈજ્ઞાનિકોના આંતર-રાષ્ટ્રીય સંમેલન અને ગ્લૉબલ યન્ગ અકાદમીની વાર્ષિક બેઠકને સંબોધિત કરતા શ્રી પ્રધાને આ વાત કહી. તેમણે વૈજ્ઞાનિકોને વિકસિત ભારત અને માનવ કેન્દ્રીત વિકાસની દ્રષ્ટિ સાથે કામ કરવા પણ આહ્વાન કર્યું.

ભારતની સભ્યતાના મૂલ્યો પર પ્રકાશ પાડતા શ્રી પ્રધાને કહ્યું, વસુધૈવ કુટુમ્બકમ્ – એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય – માત્ર એક સૂત્ર નહીં, પણ ભારતની જીવનશૈલી છે. શ્રી પ્રધાને કહ્યું, ભારત સહાનુભૂતિ ધરાવતું, નૈતિક અને ન્યાયી વિજ્ઞાનમાં વિશ્વાસ કરે છે.

# RUSSIA UKRAINE ATTACK

યુક્રેનના કીવ અને ઑડેસામાં રશિયાના 300થી વધુ ડ્રૉન અને મિસાઈલ હુમલામાં 2 લોકોના મોત અને 13 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું, રશિયાએ આખી રાત યુક્રેન પર 315 ડ્રૉન અને સાત મિસાઈલથી હુમલો કર્યો. યુક્રેનની વાયુસેનાએ જણાવ્યું, 284 ડ્રૉન અને તમામ સાત મિસાઈલને રોકવામાં આવી છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, તેમની સેનાએ કીવમાં સૈન્ય અને ઔદ્યોગિક ઠેકાણાઓ પર લાંબા અંતરના ઘણા હુમલા કર્યા. તેમાં વિમાન, મિસાઈલ, કવચ અને જહાજ નિર્માણ ઔદ્યોગિક સુવિધાઓને નિશાન બનાવાયા. સંઘર્ષની શરૂઆત બાદ આ રશિયાનો સૌથી મોટો હવાઈ હુમલો છે.

# AXIOM MISSION IAF

ઍક્સિઑમ સ્પેસ મિશન-4 પહેલા ભારતીય વાયુસેનાએ આજે ગૃપ કૅપ્ટન શુભાંશુ શુક્લાને અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પર એક સંદેશથી વાયુસેનાના વડા અને વાયુસેનાના તમામ યોદ્ધાઓએ તેમને અને ઍક્સિઑમ-4ના તમામ ગગનયાત્રિઓને આંતર-રાષ્ટ્રીય અવકાશ મથકની સલામત અને સફળ યાત્રા માટે શુભેચ્છાઓ પાઠવી. સંદેશમાં લખ્યું કે, આનાથી ભારતીય અવકાશ યાત્રામાં નવો અધ્યાય ઉંમેરાશે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોશિયલ મીડિયા પર સંદેશમાં શુભાંશુ શુક્લાને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું, ગૃપ કેપ્ટન હવે ઇતિહાસ રચવા જઈ રહ્યા છે. કારણ કે, તેઓ ભારતના સ્વપ્નોને લઈને અવકાશની યાત્રાએ નીકળશે.

ઉડાનની સફળતા સાથે જ શ્રી શુક્લા આંતર-રાષ્ટ્રીય અવકાશ મથક પર પગ મુકનારા પહેલા ભારતીય બનશે. અમેરિકામાં આવેલું ઍક્સિઑમ સ્પેસ ભારતીય સમય મુજબ આવતીકાલે સાંજે સાડા પાંચ વાગ્યે સ્પેસઍક્સ ફાલ્કન નવ રૉકેટથી શુક્લા અને અન્ય ત્રણ લોકોને ફ્લોરિડાના કેનેડી અવકાશ મથકથી આંતર-રાષ્ટ્રીય અવકાશ મથક પહોંચાડશે.

# FOOTBALL

હોંન્ગકોંન્ગમાં આજે A.F.C. એશિયન કપ ક્વાલિફાયરની ગૃપ સી-ની મેંચમાં ભારતીય સિનિયર પુરુષ ફૂટબોલ ટીમ હોંન્ગકોંન્ગ સામે રમી રહી છે. દરેક ગૃપમાંથી ટોચની ટીમ વર્ષ 2027માં સાઉદી અરબમાં યોજાનારા પ્રતિષ્ઠિત A.F.C. એશિયન કપ માટે ક્વાલિફાય થશે.

આ બંને ટીમ અગાઉ વર્ષ 2009માં એક મિત્રતા મેંચમાં સામ-સામે આવી હતી. સુનિલ છેત્રી ભારતીય ટીમના એક માત્ર વર્તમાન ખેલાડી છે, જેઓ પહેલા હોંન્ગકોંન્ગમાં બ્લૂ ટાઈગર્સ માટે રમી ચૂક્યા છે.

# REV AUSTRIA SHOOTING

ઑસ્ટ્રિયાના શહેર ગ્રાઝ ખાતે આજે એક માધ્યમિક વિદ્યાલયમાં થયેલા ગોળીબારમાં દસ લોકોના મોત થયા. જ્યારે કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. સ્થાનિક માધ્યમો મુજબ, મૃતકોમાં શંકાસ્પદ ગુનેગાર અને વિદ્યાર્થી તથા શિક્ષકનો સમાવેશ થાય છે. આ ગોળીબાર આજે સવારે ઑસ્ટ્રિયાના બીજા સૌથી મોટા શહેરમાં ડ્રેયર્સ-ચૂટજેનગૈસે હાઈસ્કૂલમાં થયો. પોલીસે જણાવ્યું, ગોળીબાર બાદ શાળાને ખાલી કરાવાઈ છે.

# ISRAEL YEMEN ATTACK

ઈઝરાયેલના નૌકાદળના જહાજોએ હૂથીઓના નિયંત્રણ હેઠળના યમનના બંદર શહેર હુદૈદાહમાં હુમલો કર્યો. નૌકાદળે જણાવ્યું, હુમલો ઈઝરાયેલને નિશાન બનાવનારી હૂથીઓની મિસાઈલના જવાબમાં કરાયો છે. હુમલામાં અત્યાર સુધી જાનહાનીના કોઈ સમાચાર નથી. હૂથીઓ નિયમિત રીતે ગાઝામાં પેલેસ્ટાઈનના લોકો સાથે એકતા બતાવવા ઈઝરાયેલ પર મિસાઈલ હુમલો કરતા રહે છે.

# DELHI – BANGLADESHI ARREST

દિલ્હી પોલીસે શહેરના આનંદ વિહાર વિસ્તારમાંથી ગેરકાયદે રહેતા પાંચ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી. આ તમામ નાગરિકોમાંથી ત્રણ સગીર વયના હોવાનું જણાયું છે. પોલીસે જણાવ્યું કે, આ નાગરિકો ભારત-બાંગ્લાદેશ સરહદ નજીક અનઅધિકૃત રીતે નદી માર્ગે ગેરકાયદેસર ભારતમાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે તેમના મોબાઇલમાંથી બાંગ્લાદેશી નાગરિકતાના દસ્તાવેજના ડિજિટલ પુરાવા મળ્યા છે